# ગાંધીઆશ્રમ: ગોધરા

પટેલીયા અરવિંદકુમાર કનુભાઈ
પી.એચ.ડી.સંશોધક,
ઈતિહાસ અને સંસ્કૃતિ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ,અમદાવાદ

ડૉ. રાજેન્દ્ર જોષી
માર્ગદર્શકશ્રી અને પ્રોફેસર,
ઈતિહાસ અને સંસ્કૃતિ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ,અમદાવાદ

**સારાંશ**
*ગોધરા જેવા એક નાનકડા શહેરમાં એક અંત્યજ શાળાના રૂપમાં આકાર પામેલ ગાંધીજીનો આ નાનકડો વિચાર આખા દેશ અને દુનિયામાં ખ્યાતનામ બનવા પાછળ, ગાંધીજીની નિષ્ઠા અને વ્યવહારપણાનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. ગોધરાની આ સંસ્થા પાછળથી ફક્ત શાળા પુરતી માર્યાદિત ન રહેતાં પંચમહાલ જિલ્લા ખાતે આઝાદીના આંદોલનોમાં વેગ આપનારી પ્રભાવશાળી સંસ્થા બની હતી. અંત્યજ પ્રવૃત્તિઓના ઉદાહરણરૂપે જોવામાં આવેલી આ સંસ્થાએ ઘણાં અંત્યજ સેવકો દેશને આપ્યા છે. ગાંધીજીએ શરૂ કરેલ અસ્પૃશ્યતા નિવારણની પહેલ આખા દેશમાં જાગી. આવી અનેક અંત્યજ શાળાઓ ગુજરાત અને દેશમાં ખુલવા લાગી. અનેક દેશનેતાઓ તથા આઝાદીના સ્વાતંત્ર્ય વીરોનાં ઘર સમાન, આ આશ્રમ બની રહેવા પામ્યો હતો. ગોધરાની મુલાકાતે આવનાર દરેક મોટા નેતાઓ અહીં જ આશ્રય લેતા હતા. ટૂંકમાં આઝાદીની તમામ ગતિવિધિઓનો સાક્ષી આ ગાંધીઆશ્રમ હતો. ગાંધીઆશ્રમ ગોધરામાં અભ્યાસ કરી રહેલા પ્રથમ પેઢીનાં વિદ્યાર્થીઓ, આગળ જતાં મોટી સિદ્દ્ધિ હાંસલ કરી શક્યા. દેશમાં અંત્યજ પ્રવૃત્તિ કરવા આતુર દેશસેવકોને આ સંસ્થા પાસ કરે ત્યારે જ તેને આ કામ માટે મોકલવામાં આવતા હતા. જે આ સંસ્થાની અગત્યતા બતાવે છે. મામાસાહેબ ફડકે જેવા ગાંધીજીના અંતેવાસી પોતાનું સમગ્ર જીવન અર્પણ કરી આ આશ્રમમાં પ્રાણ ફૂંકનાર નેતા અજોડ હતા.દલિત અને અંત્યજ પ્રવૃત્તિઓના ઉદ્ગમ સ્થાન અને ગાંધીજીનાં ઉત્તમ સંભારણારૂપ ગોધરાનો આ ગાંધીઆશ્રમ ગોધરા નગરનું ઘરેણું છે.*

---

**ચાવીરૂપ શબ્દો:** *ગાંધી, આશ્રમ, ગાંધીઆશ્રમ, ગોધરા, અંત્યજ શિક્ષણ, મામાસાહેબ ફડકે*

---

## ૧. પ્રસ્તાવના

સંસ્થાઓ સ્થાપવા પાછળનો ઉદ્દેશ સમાજના માનવસમૂહોના હિત અને ઉન્નતિનો હોય છે. માનવસમૂહો દ્વારા રચાયેલ સંસ્થાઓ જે તે સ્થાનની ઉન્નતિ અને ઈતિહાસમાં અગત્યનો ભાગ ભજવે છે. આવી સંસ્થાઓના કાર્યો, કાર્યપ્રણાલી અને તેની ફલશ્રુતિ જાણ્યા વિના, જે તે સ્થાનનો ઈતિહાસ અધૂરો રહે છે. તેથી આવી સંસ્થાઓ તથા તેનાં કાર્યો વિશે જાણવું અતિ આવશ્યક છે. ગોધરા નગર પણ એક અંતરિયાળ પ્રદેશનું વડુ મથક હતું. તેની આધુનિક ગોધરા સુધીના વિકાસની સફરમાં અનેક સંસ્થાઓએ ભાગ ભજવ્યો છે. જેમાં શૈક્ષણિક સંસ્થાઓ, લાઈબ્રેરીઓ, નગરપાલિકા, ધાર્મિક સંસ્થાઓ, મંદિરો, ટ્રસ્ટો, સરકારી સંસ્થાઓ, રાજકીય સંગઠનો તેમજ આગેવાનોએ સ્થાપેલ આર્થિક સંગઠનો મુખ્ય છે. ગોધરા ખાતે વેપારી પ્રજાનો નિવાસ રહેતો હતો. ઉપરાંત તેમાં પછાત કહેવાતી ઘણી જાતિઓનો મોટો ભાગ રહેતો હતો. તેમના વિકાસ માટે ગોધરા ખાતે સુયોગ્ય પ્રદાન આપનારી એક મુખ્ય સંસ્થા ગાંધીઆશ્રમની અહીં ચર્ચા કરવામાં આવી છે.

## ૨. ગાંધીઆશ્રમ ગોધરા

ભારતમાં પ્રાચીનકાળની ઋષિપરંપરાથી માંડીને, આધુનિક યુગના શિક્ષણ સુધીની વિકાસયાત્રા ઘણી રોચક રહી છે. વૈદિકકાલનું શિક્ષણ સમાજના અમુક વર્ગ સુધી જ સીમિત હતું. મધ્યકાલમાં તેનો વ્યાપ થોડો વધ્યો. પરંતુ સમાજનો

નીચલો વર્ગ તો તેમાંથી બાદ જ રહ્યો હતો. અંગ્રેજોના આગમન બાદ અંગ્રેજી કેળવણી જ નહી પણ ભારતીય ભાષાઓમાં શિક્ષણની પહેલ પણ કરવામાં આવી હતી. "ઈ.સ. ૧૮૫૪માં માતૃભાષાના વિકાસની ઉપયોગિતા પર ચાર્લ્સ વુડે ભાર મૂક્યો હતો. વિલ્સન કોલેજનાં સ્થાપક ડો. વિલ્સને પણ માતૃભાષાની હિમાયત કરી હતી."[૧] લોર્ડ મેકોલ અને વિલિયમ બેંટિક જેવા અંગ્રેજ અધિકારીઓએ પણ શિક્ષણનાં વિકાસમાં મહત્વનુ યોગદાન આપ્યું હતું. છતાં છેવાડાના માનવી સુધી શિક્ષણ પહોચાડવું, ભારતમાં ખૂબ જ કઠીન હતું. આ ઉપરાંત જાતિપ્રથા અને વર્ણવ્યવસ્થા અડચણરૂપ હતી.

પછાત વર્ગના સાચા શિક્ષણની શરૂઆત ગાંધીયુગથી શરૂ થઈ હતી. ગાંધીજી સમાનતામાં માનતા હતા. તેમના મતે ભારતના તમામ લોકોની ઉન્નતિમાં જ સાચું સ્વરાજ છે. ભારતને આઝાદ કરાવવું હોય તો તે માટે સમાનતા, આવશ્યક અને અનિવાર્ય છે. તેમના પ્રયાસો આજીવન, પછાતવર્ગના લોકોની ઉન્નતિ અને વિકાસ માટે રહ્યા હતા. આ સંસ્થાની સ્થાપના પાછળ ગાંધીજીના ઉચ્ચ વિચારો નોંધપાત્ર છે. આ સંસ્થા વિશે વાત કરતાં પહેલા તેની રચના અને સ્થાપનાના સંજોગો જોવા અનિવાર્ય છે. આ સંસ્થા ગાંધીજીની અંત્યજ પરિષદનું પરિણામ કે ફળશ્રુતિ કહી શકાય. ગાંધી આશ્રમ પછાત લોકોના શિક્ષણ માટે સ્થાપવામાં આવ્યો હતો.

### ૩. ગોધરામાં અંત્યજો માટેનું શિક્ષણ

આઝાદી પૂર્વે અંત્યજો અને સમાજના બધા વર્ગોના શિક્ષણની શરૂઆત થઈ ચૂકી હતી. "સન ૧૯૧૭ પહેલા ગુજરાતમાં કોઈ કોઈ ઠેકાણે અંત્યજ શાળાઓ ચલાવવામાં આવતી હતી પણ રાજકીય કામને અંગે, અંત્યજ ઉન્નતિનું કામ તો તે વર્ષના(૧૯૧૭) નવેમ્બર માસની ચોથી તારીખે જ ગોધરામાં શરૂ થયું."[૨] ગાંધીજીના આગમન પછી દેશમાં સત્યાગ્રહની લહેર શરૂ થઈ. તેમણે ફક્ત આઝાદી મેળવી અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત થવાનું જ નહી પણ તેની સાથે રચનાત્મક કાર્યક્રમો આપી, સમાનતાનો રાહ ચીંધ્યો. "ગાંધીજી રેંટિયામાં, હિંદુ-મુસલમાન ઐક્યમાં અને અસ્પૃશ્યતા નિવારણમાં સ્વરાજ જોતાં હતા."[૩] ગાંધીજીની આગેવાની હેઠળ ગુજરાતની પ્રથમ રાજકીય પરિષદ ગોધરા ખાતે યોજવામાં આવી હતી. "ગોધરા ખાતે ઈ.સ. ૧૯૧૭નાં નવેમ્બર માસની ૩જી તારીખે બપોરે બે વાગ્યે ૫૦૦ સ્ત્રીઓ સહિત ૧૦૦૦૦નાં જનસમૂહ વચ્ચે ગાંધીજીના અધ્યક્ષસ્થાને, આ પરિષદ યોજાઇ હતી."[૪]

આ પરિષદની આડપેદાશરૂપે 'સંસારસુધારા પરિષદ' અને 'અંત્યજ પરિષદ'નું ભરાવું તેના મહત્વને વિશેષ સાબિત કરે છે. ૫મી નવેમ્બર ૧૯૧૭નાં રોજ ગોધરામાં રાજકીય પરિષદ પૂર્ણ થયા બાદ, ....વાસમાં એક મેળાવડો ભરાયો જેને પાછળથી 'અંત્યજ પરિષદ' એવું નામ મળ્યું. મેળાવડામાં ગાંધીજીએ કહ્યું કે "છુતાછુત ત્યાં પરમેશ્વર હોય નહી. અને રાજકીય પરિષદમાં ઈશ્વર હાજર જશે કે કેમ, તે હું કહી ન શકું પણ આ સભામાં તો અવશ્ય તે હાજર છે જ". પછી ઠક્કરબાપાએ રજૂઆત કરી કે, ગોધરામાં એક લોકાસ્ટ સ્કૂલ ચાલે છે પણ તેમાં આ લોકોને પ્રવેશ આપવામાં આવતો નથી. તેથી આ પછાત લોકો માટે એક અલગ સ્કૂલ સ્થાપવામાં આવે તો આ લોકોનો કાંઇ ઉદ્ધાર થાય. આ જાહેરાતે એક અંત્યજ શાળા ખોલવાના દ્વાર ખોલ્યા.

### ૪. અંત્યજશાળા

અંત્યજ શાળાના બીજ રોપાયાં બાદ તેને આકાર આપવાની પ્રક્રિયા શરૂ થઈ. સભામાં જ એક સમિતિ બનાવવામાં આવી હતી. તે વિશે ઇન્દુલાલ યાજ્ઞિક નોંધે છે કે- "આ શાળાના સંચાલન માટે એક સ્થાનિક કમિટી નિમાઈ, તેમાં પ્રાણલાલ દેસાઇ અને મ્યુનિસિપાલિટીના મંત્રી કૃષ્ણલાલ દેસાઇ સામેલ હતા."[૫] આ કમિટીએ શાળાની શરૂઆત તથા નિભાવ માટે તખ્તો તૈયાર કરી ક્રમશઃ તેમાં ખર્ચ કરવાનું આયોજન કરવાનું નક્કી કર્યું હતું. શરૂઆતમાં આ "શાળા ગોધરાની પાંજરાપોળની પાછળ પાકી સડક ઉપર, કાચા ઝૂંપડામાં ચાલતી હતી. પણ થોડા મહિના પછી એ ભાડાના

પાકા મકાનમાં ગોઠવાઈ ગઈ હતી."[૬] આ શાળાની શરૂઆત તો કરી દીધી પણ શિક્ષક લાવવામાં મુશ્કેલી પડતાં "અંત્યજ શાળાની શરૂઆતમાં એક મુસલમાન માસ્તર ચલાવતા હતા. તેઓ સોટીઓના માર સાથે શિક્ષણ આપતા હતા."[૭] શાળાની શરૂઆતમાં તેની દેખરેખ રાખવાનું કામ ઠક્કરબાપાને સોંપાયું હતું. "અંત્યજશાળા અને અંત્યજ આશ્રમની સ્થાપના એ ગાંધીયુગનો ગુજરાતમાં પહેલો નિષ્ઠાવાન પ્રયાસ હતો."[૮] આ પછી ગાંધીજીએ આ અંત્યજ શાળાના સંચાલન માટે ગોધરામાં મામા સાહેબ ફડકેની નિમણૂંક કરી.

નવેમ્બર ૧૯૧૭માં શરૂ થયેલી આ શાળામાં મામાસાહેબ ઈ.સ.૧૯૧૯થી જોડાયા હતા. મામાસાહેબે અંત્યજોની સ્થિતિ સુધારવા બનતા પ્રયત્નો શરૂ કરી દીધા. શાળા કાચા ઝૂંપડામાંથી પાકા મકાનમાં ફેરવવાથી સુધારો થયો. "મામા ફડકેએ અંત્યજશાળા હાથમાં લીધી. તેઓએ ગોધરાના અંત્યજોની માનસિકતાને ઓળખી, એ પ્રમાણે શિક્ષણની પદ્ધતિ અપનાવી હતી. આશ્રમમાં પ્રાથમિક શિક્ષણ, ગંદા આચાર-વિચારોનો ત્યાગ, મુડદાલ માંસ ન ખાવું જેવા પાઠો શીખવવામાં આવતા હતા."[૯] મામાસાહેબના આ કાર્ય વિશે ઈતિહાસકાર જયકુમાર શુક્લ નોંધે છે કે – "ગાંધીજીના અંતેવાસી મામાસાહેબ વિઠ્ઠલ લક્ષ્મણ ફડકેએ ગોધરામાં ૧૯૧૭માં હરિજનો માટે નવી અંત્યજ શાળાની સ્થાપના કરી ગુજરાતની રાજકીય તવારીખમાં, ગોધરાની રાજકીય પરિષદ સિમાચિહનરૂપ બની."[૧૦]

## ૫. અંત્યજશાળામાંથી ગાંધીઆશ્રમ

આ સંસ્થા, શરૂઆતમાં અંત્યજશાળારૂપે હતી. મામાસાહેબના પ્રયત્નો, સેવા અને નિષ્ઠાથી, ઘણી બધી મુશ્કેલીઓ પડવા છતાં પ્રગતિ કરતી રહી. ગાંધી આશ્રમના હાલના સંચાલક અને ગૃહપતિ શ્રી કાંતિભાઈ વણકરે તેમની મુલાકાત દરમ્યાન જણાવ્યુ કે- "ગાંધી આશ્રમમાં હાલ થોડા રજીસ્ટરો તથા આશ્રમની વિઝિટ બૂક સચવાયેલા છે. આ અંત્યજ શાળામાંથી શરૂ થયેલી સફર આજે ગાંધી સ્મારક બની રહ્યું છે. આજે પણ આ આશ્રમમાં વિદ્યાર્થીઓ છાત્રાલયની સુવિધા મેળવી રહ્યા છે. અને અભ્યાસ કરી રહ્યા છે."[૧૧] "ગાંધીયુગની પહેલી અંત્યજશાળા ગોધરામાં શરૂ થઈ. ઈ.સ.૧૯૨૨થી આ શાળા, ગાંધીઆશ્રમ તરીકે ઓળખાઈ. આશ્રમનું પાકું મકાન બાંધવા, પારસી રૂસ્તમજી શેઠે રૂપિયા ૪૦૦૦૦ની સખાવત કરી."[૧૨] આશ્રમ વિશે મામાસાહેબ નોંધે છે કે- "દક્ષિણ આફ્રીકાના એક મિત્ર પારસી રૂસ્તમજીએ અમને રૂપિયા ચાલીસ હજારનું દાન આપ્યું. તેમાંથી ગામડાગામની શાળાઓ કાઢવાની હતી અને તે શાળાઓને દેશભક્તોના નામ આપવાના હતા. મેં (મામાસાહેબે) ગાંધી નામ પસંદ કર્યું. તેથી 'ગોધરા ગાંધી આશ્રમ' હિંદુસ્તાનનો પહેલો 'ગાંધીઆશ્રમ' થયો અને મકાન બાંધવાની શરૂઆત ૧૯૨૨માં થઈ હતી."[૧૩] એક અંત્યજ શાળાના રૂપમાં જેની સ્થાપના થઈ હતી તેવી આ દલિત શાળા, મામાસાહેબના પ્રયાસો અને તેમની અવિરત કામગીરીના પરિણામે ગાંધીઆશ્રમ રૂપે વ્યાપક બન્યો હતો.

## ૬. ગાંધીઆશ્રમનું શિક્ષણ

આશ્રમમાં શિક્ષણ લેવા આવનાર વિદ્યાર્થીઓની સામાજીક અને આર્થિક દુર્દશા વચ્ચે શિક્ષણ આપવું સહેલું ણ હતું. "મામાસાહેબ દ્વારા નિશાળને ચાર દિવાલોના બંધિયાર શિક્ષણને બદલે ખુલ્લા વાતાવરણમાં, કનેલાવ તળાવને કાંઠે બેસી વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ નિદર્શન દ્વારા શિક્ષણ આપવાના પ્રયત્નો કર્યા."[૧૪] ગાંધીઆશ્રમમાં અક્ષરજ્ઞાનની સાથે ખેતી, કાંતણ-વણાંટ, સુથારી કામ જેવા બુનિયાદી ઉદ્યોગોનું પણ શિક્ષણ આપવામાં આવતું હતું. "આજે પણ ગાંધીઆશ્રમના મુખ્ય પ્રાર્થના ખંડમાં વણાંટ માટેના લાકડાના આડાં ગોઠવેલા હયાત છે અને આ ખંડ વણાંટ માટે ઉપયોગમાં લેવામાં આવતો હતો."[૧૫] અંત્યજોના શિક્ષણ માટે મામાસાહેબને પડેલી મુશ્કેલીઓ અપાર હતી. મામાએ પોતાના પગારમાંથી પોતાના ખર્ચ કરતાં વધે તે તમામ હિસ્સો, આ બાળકો માટે વાપરી નાખવાનો નિર્ધાર કર્યો હતો. "મામાસાહેબ આશ્રમના શિક્ષણ માટે માસિક રૂપિયા ૩૦નો પગાર લેતા હતા. તેમાંથી વધતાં વીસ રૂપિયાનું શું કરવું ? તેની મૂંઝવણ

તેમને હતી. તેથી અંત્યજ બાળકો માટે નવી નવી વાનગીઓની રસોઈ બનાવવાનુ શિક્ષણ, આ વધેલી રકમમાંથી આપવાનું શરૂ કર્યું."[૧૬] આમ મામાસાહેબ બાળકોની હરપ્રકારે સેવા કરવામાં પાછી પાની કરતાં નહીં. પોતાના આવા પ્રકારના જીવનવ્યવહારથી તેઓ 'અવધૂત' બની રહ્યા હતા. તેમનું આખું જીવન આ ગરીબ, અજ્ઞાની અને પછાત જાતિઓના વિકાસ અને ઉદ્ધારમાં ગાળ્યું અને તેના લાંબે ગાળે મીઠા ફળ જોવા મળ્યા હતા.

## ૭. ગાંધીઆશ્રમની ફલશ્રુતિ

કોઈપણ સંસ્થા કે સંગઠનના કાર્યનું પરિણામ તેના ઉદ્દેશ્યો, કાર્યરીતિઓ અને પ્રભાવથી આવે છે. ગાંધીઆશ્રમ એક મહાન ઉદ્દેશથી સ્થાપિત સંસ્થા હતી. ડો.અરુણ વાઘેલા નોંધે છે કે– "ગોધરામાં સ્કૂલ અને આશ્રમ બન્યા પછી પણ અંત્યજશિક્ષણ એ મામા ફડકે માટે કપરું ચઢાણ સાબિત થયું હતું. છતાં લાંબે ગાળે એ સંસ્થા વટવૃક્ષ બની. તેના ઉમદા પરિણામો મળ્યા. દા.ત. ગોધરા આશ્રમમાં ભણેલો વિદ્યાર્થી મોરાર, આશ્રમનો સંચાલક બન્યો હતો. આશ્રમના એક છોકરાએ ભણતર છોડી લડતમાં ઝંપલાવી જેલ પણ ભોગવી હતી. આશ્રમમાં ગાંધીવાદી સિદ્ધાંતો સફળ થઈ રહ્યા હતા."[૧૭] "દોરડું લટકાવી ૪૫ માઈલ દૂર દાહોદ ભાગી જનાર લાલજી કૃષ્ણદાસ વણકર, સંગીતનો શિક્ષક બન્યો હતો."[૧૮] આ ઉપરાંત "ગાંધી આશ્રમનો એક છોકરો મૂળદાસ વૈશ્ય (૧૯૧૦), વડોદરા ધારાસભાનાં સભ્ય હતા અને પછીથી મુંબઈ સરકારમાં અને પાર્લામેન્ટમાં પણ સભ્ય બન્યા. ગાંધી આશ્રમમાંથી સાબરમતી આશ્રમમાં રાષ્ટ્રીય શાળા ચાલતી હતી, ત્યાં ત્રણ ચુનંદા વિદ્યાર્થીઓએ મોકલવામાં આવ્યા હતા."[૧૯] ગાંધીઆશ્રમ પોતે તૈયાર કરેલા વિદ્યાર્થીઓને કારણે પણ ઓળખાવા લાગ્યો હતો. ગાંધીઆશ્રમ આ સમયે એટલો બધો ખ્યાતિ પામ્યો હતો કે, ગોધરા અને આસપાસથી મુલાકાતે આવનારા ગાંધીઆશ્રમે જ રોકાતા. આશ્રમની મુલાકાતે મોરારજી દેસાઈ, સફેદ ઘોડાવાળી બગીમાં બેસી આવતા હતા. જેન્તીભાઈ ગોહિલે, ગોધરા આશ્રમને સાંદિપની ઋષિના આશ્રમ સાથે સરખાવી, મામાસાહેબ ફડકેને ઋષિની ઉપમા આપી છે. શ્રી કાકાસાહેબ કાલેલકરે ગોધરા આશ્રમની તુલના 'હેમ્પટનની નિશાળ'(જે નીગ્રો આગેવાનોની ટંકશાળ કહેવાતી)સાથે કરી છે. ગોધરાની નિશાળ અંત્યજ સેવકો તૈયાર કરવાની ટંકશાળ તરીકે ઓળખાવી છે.

ભારત તથા દુનિયાની પછાત જાતિઓના ઉદ્ધારના ઈતિહાસમાં, જ્યારે પણ ભૂતકાળની અટારીમાં ડોકિયું કરવામાં આવશે, ત્યારે આ ગોધરાના આશ્રમરૂપી કાર્યની ગણના જરૂર કરવામાં આવશે.

## પાદનોંધ

૧. ભાલોડીયા હિમ્મત(સંપા)શબ્દસૃષ્ટિ,અંક ૧૧,ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર,૨૦૨૦,પૃ.૬૭
૨. નવજીવન,અંક-૪,પત્રિકા-૯,અમદાવાદ,તા.૫-૪-૧૯૨૩
૩. વાઘેલા, અરુણ: પંચમહાલ જિલ્લામાં ગાંધીવાદી રચનાત્મક પ્રવૃત્તિઓ અને સ્વાતંત્ર્ય સૈનિકો,જ્યોતિ વાઘેલા અમદાવાદ,૨૦૦૭,પૃ.૩
૪. વાઘેલા, અરુણ: ઈતિહાસ દર્પણ,અક્ષર પબ્લિકેશન અમદાવાદ,૨૦૦૮,પૃ.૩૭
૫. યાજ્ઞિક ઈન્દુલાલ, આત્મકથા ભાગ-૨,અરુણાબેન મહેતા મેમોરિયલ ટ્રસ્ટ વડોદરા,૧૯૭૪, પૃ.૪૨
૬. ફડકે, મામાસાહેબ- મારી જીવનકથા,નવજીવન પ્રકાશન મંદિર અમદાવાદ,૧૯૭૪,પૃ.૬૬
૭. એજન
૮. વાઘેલા, અરુણ: ઈતિહાસ દર્પણ,અક્ષર પબ્લિકેશન અમદાવાદ,૨૦૦૬,પૃ.૬૧

૯. વાઘેલા, અરુણ- પંચમહાલ જિલ્લામાં ગાંધીવાદી રચનાત્મક પ્રવૃત્તિઓ અને સ્વાતંત્ર્ય સૈનિકો,જ્યોતિ વાઘેલા અમદાવાદ,૨૦૦૭,પૃ.૭૦

૧૦. શુક્લ, જયકુમાર-ગુજરાતની સ્વતંત્રતાની ચળવળ,નવભારત સાહિત્ય મંદિર અમદાવાદ,૧૯૯૩,પૃ.૭૩

૧૧. ગાંધી આશ્રમની મુલાકાતને આધારે,તા.૧૦-૪-૨૧

૧૨. યાજ્ઞિક, ઈન્દુલાલ-આત્મકથા ભાગ-૩,અરુણાબેન મહેતા મેમોરિયલ ટ્રસ્ટ વડોદરા,૧૯૭૪,પૃ.૧૪૮

૧૩. ફડકે મામાસાહેબ,પૂર્વોક્ત,પૃ.૬૮

૧૪. વાઘેલા, અરુણ-પંચમહાલ જિલ્લામાં ગાંધીવાદી રચનાત્મક પ્રવૃત્તિઓ અને સ્વાતંત્ર્ય સૈનિકો,જ્યોતિ વાઘેલા અમદાવાદ,૨૦૦૭.પૃ.૭૦

૧૫. કાંતિભાઈ વણકર તથા ગાંધી આશ્રમની મુલાકાતને આધારે,

૧૬. ફડકે, મામાસાહેબ-પૂર્વોક્ત,પૃ.૭૪

૧૭. વાઘેલા, અરુણ: ઈતિહાસ દર્પણ,અક્ષર પબ્લિકેશન અમદાવાદ,૨૦૦૮,પૃ.૬૧

૧૮. વાઘેલા, અરુણ: પંચમહાલ જિલ્લામાં ગાંધીવાદી રચનાત્મક પ્રવૃત્તિઓ અને સ્વાતંત્ર્ય સૈનિકો, જ્યોતિ વાઘેલા અમદાવાદ,૨૦૦૭. પૃ.૭૦

૧૯. ફડકે, મામાસાહેબ-પૂર્વોક્ત,પૃ.૬૭